Extra No. 98

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, APRIL 2, 2026 / CHAITRA 12, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૩/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી//સ્પા,મસાજ/જાહેરનામું/૬૬૩/૨૦૨૬.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ.-૨/જાહેરનામું/કલમ-૧૬૩/સ્પા-મસાજ/વશી/૪૮૪/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના આમુખ-(૨) ના પત્રની વિગતે અત્રેના જિલ્લામાં શહેરના રહેણાંક તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી પદાર્થોનું સેવન, દેહવ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજિક તત્વો આવા પાર્લરોની આડમાં ગુનાહિત પ્રવૃત્તિઓ કરીને જાહેર શાંતિ અને સલામતીમાં ભંગ પેદા કરે છે. આથી, આવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે સ્પા/મસાજ પાર્લરોની વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં ઉપલબ્ધ હોવી આવશ્યક હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

સાબરકાંઠા જિલ્લાના સમગ્ર હદ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરના માલીકો અગર તો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા સહિતની નીચે જણાવ્યા મુજબની સંપૂર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

પોલીસ સ્ટેશનનું નામ.....સાબરકાંઠા જિલ્લો

અ.નં.	વિગત	રીમાર્કસ
૧.	સ્પા/ મસાજપાર્લર, માલિક/સંચાલકનું નામ, સરનામું તથા ટેલીફોન અને મોબાઈલ નંબર	
૨.	સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર અને મોબાઈલ નંબર	

૩.	સ્પા/મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)	
	(૧) જો તેઓ ભારતીય હોય. તો તેના ઓળખના પુરાવા જોડવા.	
	• હાલનું સરનામું-	
	• મુળ વતન નું સરનામું-	
	• ઓળખના ચિન્હો	
	• અભ્યાસ	
	• ઘર, ઓફિસનો ફોન નંબર તથા મોબાઈલ નંબર	
	(૨) જો તેઓ વિદેશી હોય. તો • તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.) • કયા વિઝા પર ભારતમાં આવેલા છે. તેની વિગતઃ- • હાલનું સરનામું- • ઘર, ઓફિસનો ફોન નંબર તથા મોબાઈલ નંબર	
	સ્પા/ મસાજ પાર્લર ચલાવનાર/ સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ સ્પા/મસાજપાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ-	
૪.	:: નિયમો :: ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. ૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે ઓળખના પુરાવા તરીકે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે.	

-:: અમલવારીનો સમય અને વિસ્તાર ::-

આ જાહેરનામું તા.૦૧/૦૪/૨૦૨૬ ના ૦૦.૦૦ કલાકથી તા.૩૦/૦૫/૨૦૨૬ના રોજ ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સહીત) કુલ-૬૦ (સાઠ) દિવસ માટે સમગ્ર જિલ્લામા અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કો કરવામાં આવ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ,
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 16:30:20 IST